**રે.દિ.મુ.નં.૩૭/૨૦૧૯**

## આંક–૧૪ લગત હુકમ.

સદહું કામે દાવાના પક્ષકારો વચ્ચે ઘરમેળે આંતરીક સમજુતીથી સમાધાન થતાં તે સમાધાન મુજબ કરાર દાદ ધ્વારા સદરહું જણાવે છે કે, જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ વિભાગ– ૧૩ સીટી વટવા તાલુકાના મોજે ગામ વસ્ત્રાલની સીમના ખાતા નં.૩૮૯ ના બ્લોક / સર્વે નં.૭૪૬ ની હે.આરે.ચો.મી ૪–૭૮–૫૫ ને આકાર રૂા.૫૪.૩૧ પૈસાવાળી જમીન પૈકીની પ્રતિવાદીઓના હીસ્સાની હે.આરે.ચો.મી ૦– ૨૯–૯૦ વાળી ખેતીની જમીન એટલે કે, દાવાવાળી જમીન બાબતે પ્રતિવાદીઓએ વાદીની તરફેણમાં તા.૨૧/૩/૧૮ ના રોજ અનુ.નં.૬૬૮ થી કરી આપેલ રજી. બાનાખતના કરાર અન્વયે પ્રતિવાદીઓએ દાવાવાળી જમીન હાલમાં પ્રતિબંધીત સત્તા પ્રકારની આવેલ હોય તેને જુની શરતમાં તબદીલ કરી/ કરાવી તેમજ સર્વે નં.૭૪૬ પૈકીની દાવાવાળી જમીનના ૭/૧૨ અલગ કરી/ કરાવી દાવાવાળી જમીન પરત્વે વાદીની તરફેણમાં અગર વાદી કહે તેની તરફેણમાં રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવા બંધાયેલા હોવાનું અને તે રીતે સદર કરારનું વિશિષ્ટ પાલન કરી આપવા બંધાયેલા હોવાનું પ્રતિવાદીઓ કબુલ મંજુર રાખે છે. વધુમાં જણાવે છે કે, પ્રતિવાદીઓ કે અમારા નોકર પ્રતિનીધી માણસો સહીત વાદીઓના હકકોથી વિપરીત જઈને દાવાવાળી જમીન બાબતે ત્રાહીત સાથે બાનાખત, કરાર અગર વ્યવહાર કરવા હકકદાર આવેલ ન હોવાનું પ્રતિવાદીઓ કબુલ મંજુર રાખે છે. કરારદાદમાં જણાવ્યા મુજબની હકીકત મુજબ સદરહુ દાવો પરત ખેંચે છે. જેથી સદરહું દાવો ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૦૭ થી માહે: નવેમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ(ગ્રામ્ય)
તા.૦૭–૧૧–૨૦૧૯.

(માલવિકા પુરોહિત)
ત્રીજા એડી.સીવીલ એન્ડ જયુ. મેજી.ફ.ક.
અમદાવાદ (રુરલ), મીરઝાપુર.
UIC NO G J 01351

R. D. Vasava (Steno)

**રે.દિ.મુ.નં.૩૭/૨૦૧૯**

**આંક–૫ લગત હુકમ.**

વાદીએ આંક– ૧૪ ની કરારદાદની પુરસીસ થી સદરહુ દાવો બિન શરતી પરત ખેંચેલ હોઈ તે પુરસીસના આધારે મનાઈ અરજી વિડ્રો તરીકે કેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા.૦૭ મી નવેમ્બર, સને– ૨૦૧૯ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ(ગ્રામ્ય)
તા.૦૭–૧૧–૨૦૧૯.

(માલવિકા પુરોહિત)
ત્રીજા એડી.સીવીલ એન્ડ જયુ. મેજી.ફ.ક.
અમદાવાદ (રુરલ), મીરઝાપુર.
UIC NO G J 01351

R. D. Vasava (Steno)